## બીજા કોઈના સ્થળે કામદારોને થયેલા અકસ્માતોની જાણ કરવા માટે કોણ જવાબદાર છે? (Who is responsible for reporting accidents that occur to employees at someone else's premises?)

આ માટે લાગતાવળગતા રેગ્યુલેશનો છે, રીપોર્ટિંગ ઓફ ઈન્જરીઝ, ડિસિઝ એન્ડ ડેન્જરન્સ અકરન્સીસ રેગ્યુલેશન્સ 1995 (આર.આઈ.ડી.ડી.ઓ.આર.)

આ રેગ્યુલેશનો હેઠળ જાણ કરવાની ફરજ 'જવાબદાર વ્યક્તિ' ઉપર રહે છે. કામની મોટા ભાગની જગ્યાઓમાં જવાબદાર વ્યક્તિ કોણ છે તે નીચેના ટેબલમાં ટૂંકમાં જણાવ્યું છેઃ

### મૃત્યુ, મોટી ઈજા, 3-દિવસ કરતાં વધારે લાંબી રહે તેવી ઈજા અથવા રોગના કિસ્સામાં

**કામના સ્થળે કામદાર માટે**
તે વ્યક્તિના એમ્પ્લોયર.

**બીજા કોઈના નિયંત્રણ હેઠળની જગ્યામાં કામ કરતી સ્વ-રોજગારી (સેલ્ફ એમ્પ્લોઈડ) વ્યક્તિ માટે**
તે જગ્યાનું નિયંત્રણ જે વ્યક્તિના હાથમાં હોય તે વ્યક્તિઃ બનાવ બન્યો હોય તે સમયે કોઈ પણ વેપાર, ધંધો કે તેમના માટે હાથમાં લીધેલું કામ કરવાના સંબંધમાં.

### મોટી ઈજા, 3-દિવસ કરતાં વધારે લાંબી રહે તેવી ઈજા અથવા રોગના કિસ્સામાં

**સ્વ-રોજગારી વ્યક્તિ તેમના પોતાના નિયંત્રણ હેઠળની જગ્યામાં કામ કરતી હોય તેના માટે**
તે સ્વ-રોજગારી વ્યક્તિ પોતે અથવા તેમના વતી કામકાજ કરી રહેલું બીજું કોઈ.

### મૃત્યુ અથવા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા પડે તેવી ઈજા (અથવા હોસ્પિટલમાં થયેલી કોઈ મોટી ઈજા)

**કામ પર ન હોય પણ જેમને બીજા કોઈના કામથી અસર થઈ હોય તેવી વ્યક્તિ માટે, દા.ત. જાહેર જનતાના કોઈ સભ્ય, વિદ્યાર્થી,**
જે જગ્યા પર અથવા ત્યાં ચાલી રહેલા કામના સંબંધમાં ઈજાનું કારણ બનનારો અકસ્માત થયો હોયઃ બનાવના સમયે; અને તેઓ કરી રહ્યાં હોય તેવા કોઈ વેપાર, ધંધા કે હાથમાં લીધેલા કામના સંબંધમાં, તે જગ્યા જેમના નિયંત્રણ હેઠળ હોય તે વ્યક્તિ

**ખતરનાક બનાવો**

મોટા ભાગના ખતરનાક બનાવોની જાણ, જે જગ્યા પર અથવા ત્યાં ચાલી રહેલા કામના સંબંધમાં તે ખતરનાક બનાવો બન્યા હોય તે જગ્યા જેમના નિયંત્રણ હેઠળ હોય તે વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે.

આ રીતે જાણ કરવાની જરૂરિયાતો ખાણ, ક્વોરીઝ, ઓફશોર ઈન્સ્ટોલેશનો, કૂવા અને ડાઈવિંગનાં કામોમાં જુદી જુદી હોય છે. સંપૂર્ણ વિગતો L73 માંથી મળી શકે છે.

### સંદર્ભો (રેફરન્સો)


L73, A guide to the reporting of injuries, diseases and dangerous occurrences Regulations 1995, (ISBN 0717624315 – એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)

- **RIDDOR Explained – મફત પત્રિકા**